# શ્રી ગુજરાતી કંસારા મહામંડળ – મુંબઈ

## બંધારણ
## તથા
## ધારાધોરણ અને નિયમો

# શ્રી ગુજરાતી કંસારા મહામંડળ – મુંબઈ

સ્થાપના : રવિવાર, તા. ૨૪ માર્ચ, ૧૯૪૬

મૂળભૂત બંધારણ : રવિવાર, તા. ૧૪ એપ્રિલ, ૧૯૪૬ ના રોજથી અમલમાં આવેલ છે.

## સ્કીમ ઓફ ઈમ્પ્લીમેન્ટેશન

શ્રી ગુજરાતી કંસારા મહામંડળ – મુંબઈમાં રવિવાર તા. ૧૪ એપ્રિલ ૧૯૪૬ નાં રોજથી અમલમાં આવેલ ''મૂળભૂત બંધારણ નાં ધ્યેયોને અસરકારક રીતે અમલમાં મુકવા માટેની યોજનાનું

## બંધારણ
## તથા
## ધારાધોરણ અને નિયમો

બંધારણ સમિતિ વતી
બંધારણ ઘડનાર
જગમોહન ડી. લાલાણી
બી. કોમ, એફ. સી. એ. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ.

શ્રીનાથ દર્શન, ત્રીજે માળે,
એસ. વી. રોડ, વિલેપારલા (વેસ્ટ), મુંબઈ – ૪૦૦ ૦૫૬
ટેલીફોન નં. : ૬૭૧ ૩૫૬૦ / ૬૭૦ ૩૫૪૧

# શ્રી ગુજરાતી કંસારા મહામંડળ – મુંબઈ

રવિવાર તા. ૧૪ એપ્રિલ, ૧૯૪૬ ના રોજ શ્રી ખીમચંદભાઈ ગંગારામ ગાંધીના નિવાસસ્થાને વડગાદી – મુંબઈ મધ્યે મળેલ જનરલ સભામાં નીચે મુજબનું મૂળભૂત બંધારણ ઘડી તેને અમલમાં મુકવામાં આવેલ હતું.

## મૂળભૂત બંધારણ

૧. જ્ઞાતિસેવા

૨. મુંબઈ તથા બહારગામ વસતા ગુજરાતી કંસારા જ્ઞાતિજનોનું એકિકરણ સાધવું અને સંઘ બળ કેળવવું.

૩. આ મહામંડળ આપણી જ્ઞાતિનાં વેરવિખેર તત્વોને ભેગા કરીને આધુનિક પરિસ્થિતિને લક્ષમાં રાખીને સમાજ સુધારણાનું કામકાજ હાથ ધરશે.

૪. આ મહામંડળ આપણી જ્ઞાતિની કઈ રીતે ઉન્નતિ થાય તેનો તનતોડ યાસ કરશે તેમજ નાત–પંચાયતની રચના સિવાયનાં શૈક્ષણિક, સાંસ્કૃતિક, મેડિકલ અને સામાજિક ઉત્થાનનાં કાર્યો હાથ ધરશે. અને જ્યારે જ્યારે જરૂર જણાય ત્યારે બી વૃતિઓ જેવી કે પરિચય, પરિષદ, જ્ઞાતિ સુધારણાં, પત્ર કાશન વગેરે સમયાનુસાર વૃતિઓમાં રસ લેશે.

## ઉપરોક્ત મૂળભૂત બંધારણનું અંગ્રે માં રૂપાંતર

1. **Service to Community**
2. **Intigration and Unity amongst Members.**
3. **Modern Social Reforms.**
4. **Educational, Medical Relief and advancement of Social Public Utility.**

# શ્રી ગુજરાતી કંસારા મહામંડળ – મુંબઈ

## બંધારણ
## તથા
## ધારાધોરણ અને નિયમો

### બંધારણ સમિતિ

(૧) કંસારા ગોપાળ નાથાલાલ
(૨) કંસારા નવનિતરાય પી. બુચ
(૩) કંસારા જગમોહન ડી. લાલાણી
(૪) કંસારા ભોગીલાલ જમનાદાસ
(૫) કંસારા દીપક ડાહ્યાલાલ માવાણી
(૬) કંસારા મુકેશ ભુધરભાઈ માવાણી
(૭) કંસારા વિરેન્દ્ર પી. લાલાણી
(૮) કંસારા સુભાષ બી. શાહ
(૯) કંસારા શાંતિલાલ એન. કાગડા
(૧૦) કંસારા જય કાશ બી દુધેલા
(૧૧) કંસારા જયંતકુમાર કરસનદાસ
(૧૨) કંસારા કનુભાઈ હર વનદાસ

બંધારણ સમિતિ વતી
બંધારણ ઘડનાર
જગમોહન ડી. લાલાણી
બી. કોમ, એફ. સી. એ. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ.

શ્રીનાથ દર્શન, ત્રીજે માળે,
એસ. વી. રોડ, વિલેપારલા (વેસ્ટ), મુંબઈ – ૪૦૦ ૦૫૬
ટેલીફોન નં. : ૬૭૧ ૩૫૬૦ / ૬૭૦ ૩૫૪૧

# શ્રી ગુજરાતી કંસારા મહામંડળ – મુંબઈ

## બંધારણ

અનુક્રમણિકા


| કલમ નંબર | વિષય | પાનાં નંબર |
|---|---|---|
| ૧ | સંસ્થાનું નામ | |
| ૨ | મહામંડળનાં ધ્યેયો | |
| ૩ | મહામંડળની હદ અને વિસ્તાર | |
| ૪ | મહામંડળનું કાર્યાલય | |
| ૫ | મહામંડળની કાયદેસરની ભાષા | |
| ૬ | મહામંડળનું નાણાકિય વર્ષ | |
| ૭ | મહામંડળનું સભ્યપદ | |
| ૮ | મહામંડળનું સભ્યપદ – કાર | |
| ૯ | સામા ક સુધારણા અંગે સંગઠન અને જોડાણ | |
| ૧૦ | મહામંડળનું ભંડોળ | |
| ૧૧ | ભંડોળનું રોકાણ તથા સંચાલન | |
| ૧૨ | મહામંડળનું સંચાલન | |
| ૧૩ | મહામંડળનાં ધારાધોરણ તથા નિયમો | |
| ૧૪ | લવાદ | |
| ૧૫ | મહામંડળનું સ્થળાંતર અથવા વિસર્જન | |

# શ્રી ગુજરાતી કંસારા મહામંડળ – મુંબઈ

## બંધારણ

### સ્પષ્ટીકરણ :

તા. ૧૪ માહે એપ્રિલ, ૧૯૪૬ ને રવિવાર ના રોજ મુંબઈ મધ્યે શ્રી ગુજરાતી કંસારા મહામંડળની જનરલ સભાએ અપનાવેલ મૂળભૂત બંધારણનાં ધ્યેયોને અસરકારક રીતે અમલમાં મૂકવાની યોજનાનું આ બંધારણ અને ધારાધોરણ તથા નિયમો છે.

**કલમ નંબર–૧** સંસ્થાનું નામ

''શ્રી ગુજરાતી કંસારા મહામંડળ એ આ સંસ્થાનું નામ રહેશે. જ્ઞાતિનાં વિશાળ હિતોને લક્ષમાં રાખીને આ નામમાં ફેરફાર કરવા માટે જે તે સમયનાં કુલ સભ્યોનાં ઓછામાં ઓછા ૭૫ ટકા સભ્યોની લેખિત મંજૂરીથી ઠરાવ રૂપે સભ્યોની સામાન્ય સભામાં મંજૂરી લેવાની રહેશે. પરંતુ મહામંડળની આગવી તિભા, સ્વતંત્રતાને આંચ આવે કે ઝાંખપ લાગે તે કારે ઉપરોક્ત નામમાં ફેરફારને અવકાશ રહેશે નહિ. શ્રી ગુજરાતી કંસારા મહામંડળને ટૂંકમાં ''મહામંડળ તરીકે એ પછી સંબોધવામાં આવશે.

**કલમ નંબર–૨** મહામંડળનાં ધ્યેયો :

(અ) જ્ઞાતિસેવા :

૨(અ)(૧) મહામંડળનાં જ્ઞાતિજનોનું સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક અને શૈક્ષણિક ક્ષેત્રે સર્વાંગી વિકાસ કરવાનું તેમજ એકબીજાને મદદરૂપ થવાનું, એકબીજાને સમ સલાહ, સંપ, સૂચન અને શાંતિથી રહેવાનું રહેશે.

૨(અ)(૨) જ્ઞાતિનાં અપંગ, અસહાય, અપાહિજ, વૃધ્ધ કે હતાશ બાળકો તથા પુરૂષોને મદદરૂપ થવું.

૨(અ)(૩) મહામંડળનાં સભ્યોને માટે રહેઠાણનું આયોજન કરવું, નવા રહેઠાણો બાંધવા, વસાવવા, કે રહેઠાણ માટેના શ્નો હલ કરવાં.

૨(અ)(૪) મહામંડળનાં સભ્યો માટે ીતિ ભોજન સમારંભો યોજવા, સાંસ્કૃતિક આયોજનો કરવા, વચનો કે સંમેલનો યોજવા.

૨(અ)(૫) આપણા મહામંડળનાં મહાનુભાવોનું તેમજ બીજા ગામમાં વસતાં આપણી જ્ઞાતીનાં મહાનુભાવોનું કે આપણા ઉપરોક્ત ધ્યેયને અનુરૂપ આગળ વધેલ વ્યક્તિઓનું બહુમાન કરવું, તેમજ શકય હોય ત્યાં આર્થિક ધોરણે મદદ કરવી.

૨(અ)(૬) કલમ નંબર ૨ ની પેટાકલમો નંબર ૨(અ)(૫), ૨(બ)(૨), ૨(બ)(૩), ૨(ક)(૧), ૨(ક)(૫), ૨(ડ)(૩) નાં અસરકારક અમલ માટે મહામંડળ ''સાંસ્કૃતિક ફાઉન્ડેશન (કલ્ચરલ ફાઉન્ડેશન) ની સ્થાપનાં કરી શકશે. તેમજ આવા ફાઉન્ડેશનનો લાભ શ્રી ગુજરાતી કંસારા મહામંડળ – મુંબઈનાં સભ્ય કુટુંબો ઉપરાંત અન્ય ગામોમાં વસતા આપણા જ્ઞાતિબંધુઓને પણ આપી શકશે.

(બ) મુંબઈ તથા બહારગામ વસતા ગુજરાતી કંસારા જ્ઞાતિજનોનું એકીકરણ સાધવું અને સંઘબળ કેળવવું :

૨(બ)(૧) સભ્યોમાં મહામંડળ ત્યે ઉત્સાહ અને લાગણી જળવાય રહે તે માટે લ્હાણાની / સ્મૃતિચિન્હની વહેંચણી કરવી.

૨(બ)(૨) પર્યટન–ટૂર યો જ્ઞાતિજનો એકબીજાને સમ વધુ ન ક આવી શકે તવાં સંજોગો ઉભાં કરવા.

૨(બ)(૩) કુટુંબ કુટુંબ વચ્ચે ગેરસમજ, મતભેદ, કે અન્ય ઝગડાઓનો શાંતિમય માનભેર ઉકેલ લાવવા દરમ્યાનગિરી કરવી.

(ક) મહામંડળ આપણી જ્ઞાતિના વેરવિખેર તત્વોને ભેગાં કરીને આધુનિક પરિસ્થિતિને લક્ષમાં રાખીને સમાજ સુધારણાનું કાર્ય હાથ ધરશે :

૨(ક)(૧) સંગીત, નૃત્યકલા, વિજ્ઞાન, રમતગમત, હુન્નર–ઉદ્યોગ, શિક્ષણ, સંશોધન કે અન્ય ક્ષેત્રે આગળ વધતી કે આગળ વધેલી વ્યકિતઓનું બહુમાન કરી ોત્સાહિત કરવા, અને તેમને આગળ વધારવા આર્થિક રીતે મદદરૂપ થવું.

૨(ક)(૨) જ્ઞાતિની વિધવા, ત્યકતા, નિઃસહાય, અપંગ, કે અપાહિજ સ્ત્રીઓને મદદરૂપ થવું.

૨(ક)(૩) મહામંડળનાં સભ્યોને તેમનાં ધંધા–વ્યવસાયમાં સર્વ કારે મદદરૂપ થવું.

૨(ક)(૪) લગ્નોત્સુક યુવક–યુવતિના સંમેલનો યોજવાં તેમજ બિનજરૂરી ખર્ચાઓ અને બિનજરૂરી રુઢિગત રિવાજોમાં કાપ મૂકી સામૂહિક લગ્નોનું આયોજન કરવું.

૨(ક)(૫) બિનજરૂરી લગ્નવિચ્છેદ અટકાવવા.

(ડ) મહામંડળ આપણી જ્ઞાતિનો સર્વાંગી વિકાસ તથા ઉન્નતિ થાય તે માટે તનતોડ યાસ કરશે. તથા નાત પંચાયતની રચના સિવાયના દરેક કાર્યો હાથ ધરશે અને જ્યારે જ્યારે જરૂર જણાય ત્યારે બી વૃતિઓ જેવી કે કેળવણી, પરિચય પરિષદ, જ્ઞાતિ સુધારણા, પત્ર કાશન વગેરે સમય અનુસાર વૃતિઓમાં રસ લેશે :

૨(ડ)(૧) શૈક્ષણિક ક્ષેત્રે તેજસ્વી વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને ઈનામ દ્વારા કે સ્કોલરશીપ તેમજ પુસ્તકો આપી ોત્સાહિત કરવાં. શાળા તેમજ કોલેજનાં વેશ માટે શકય તેટલી સહાય કરવા કોશિશ કરવી.

૨(ડ)(૨) સભ્યોને ડોકટરી કે વૈદ્યકીય સારવારમાં મદદરૂપ થવું

૨(ડ)(૩) મુંબઈ તેમજ મુંબઈ બહારના આપણા ગુજરાતી કંસારાનાં અન્ય જ્ઞાતિ મંડળો કે સંસ્થા સાથે વિચાર–વિનિમય કરી સમસ્ત ગુજરાતી કંસારા જ્ઞાતિનાં સભ્યોનાં ઉત્કર્ષ અને ઉજ્જવળ ભાવિ માટે સંમેલનો યોજવા, સભાઓ યોજવી તેમજ આવા સંમેલનો અને સભાઓમાં હાજરી આપવી.

૨(ડ)(૪) કલમ નંબર ૨ ની પેટાકલમ ૨(ડ)(૧) માં જણાવેલ ધ્યેયના અસરકારક અમલ માટે મહામંડળ એજ્યુકેશન ફાઉન્ડેશન (શૈક્ષણિક ફાઉન્ડેશન) ની રચના કરી શકશે. મજકુર ફાઉન્ડેશનનો લાભ શ્રી ગુજરાતી કંસારા મહામંડળ મુંબઈનાં સભ્ય કુટુંબો ઉપરાંત, અન્ય ગામોમાં વસતા આપણી જ્ઞાતિજનોનાં લાભ માટે પણ વાપરી શકશે. તેમજ મહામંડળનાં મુખ્ય હેતુઓ જેવા કે શૈક્ષણિક, મેડિકલ સહાય તથા અન્ય ચેરિટેબલ હેતુઓ ધરાવતા અન્ય પબ્લીક ચેરિટેબલ ટ્રસ્ટ, સંસ્થા કે મંડળો પાસેથી ડોનેશન સ્વીકારવા તથા ડોનેશન આપવા વગેરે મહામંડળનાં પરમેનન્ટ બોર્ડ ઓફ ટ્રસ્ટીઝની મંજુરીને આધિન તેમજ સમય, સંજોગો તથા પરિસ્થિતિને આધિન કરી શકશે.

૨(ડ)(૫) કલમ નંબર ૨ ની પેટાકલમ નંબર ૨(અ)(૨), ૨(અ)(૩) અને ૨(ક)(૨), ૨(ક)(૩) અને ૨(ડ)(૨) નાં અસરકારક અમલ માટે મહામંડળ "મેડિકલ એન્ડ રીહેબિલીટેશન ફાઉન્ડેશન ની સ્થાપનાં કરી શકશે. તેમજ મજકુર ફાઉન્ડેશનનો લાભ શ્રી ગુજરાતી કંસારા મહામંડળ

– મંબઈનાં સભ્ય કુટુંબો ઉપરાંત બહારગામ વસતા આપણી જ્ઞાતિનાં અન્ય વ્યકિતઓને આવા ફાઉન્ડેશનનો લાભ આપી શકશે.

૨(ડ)(૬) ઉપરોકત (અ) એજયુકેશનલ ફાઉન્ડેશન
(બ) મેડિકલ એન્ડ રીહેબિલીટેશન ફાઉન્ડેશન
(ક) સાંસ્કૃતિક ફાઉન્ડેશન

ની વિવિધલક્ષી પ્રવૃતિઓ અને સેવા કાર્યોને સાંકળી લેવા મહામંડળ આરોગ્યધામની સ્થાપના કરી શકશે. તેમજ ઉપરોકત ત્રણે ફાઉન્ડેશન તેમજ આરોગ્યધામનો કુશળતાપૂર્વક વહિવટ કરવા ''બોર્ડ ઓફ પરમેનન્ટ ટ્રસ્ટીઝ દ્વારા વહિવટ કરી શકશે. તેમજ તે અંગેનાં નીતિ–નિયમો – ધારાધોરણ ઘડી શકશે.

કલમ નંબર–૩ મહામંડળની હદ અને વિસ્તાર :
આ મહામંડળની હદ અને વિસ્તાર બૃહદ મુંબઈમાં સમાવિષ્ટ થતાં તમામ ઉપનગરો કે જે ચર્ચગેટ અને વી.ટી. સ્ટેશનેથી લોકલ ટ્રેઈન સાથે જોડાયેલા હોય, અને ભવિષ્યમાં નવેસરથી જોડાય એવા તમામ તેમજ બી.ઈ.એસ.ટી. બસ વ્યવહારથી જોડાયેલા હોય એવા તમામ ઉપનગરો સુધી આ મહામંડળની હદ અને વિસ્તાર રહેશે. હાલમાં અસ્તિત્વમાં આવેલ નવું મુંબઈ–વાશીનો પણ આમાં સમાવેશ થશે. પરંતુ બૃહદ મુંબઈનાં ભૌગોલિક વિસ્તારમાં થતાં સતત પરિવર્તનને ધ્યાનમાં રાખી, મહામંડળની હદ અને વિસ્તારમાં વધારો – ઘટાડો કરવા અસાધારણ જનરલ સભાની મંજૂરીને આધિન યોગ્ય ફેરફાર કરી શકશે.

કલમ નંબર–૪ મહામંડળનું કાર્યાલય :
મહામંડળ પોતાની શકિત અને ભંડોળની જોગવાઈ માણે પોતાની માલિકીની ઓફીસ–કાર્યાલયનું મકાન ખરીદી શકે છે. પરંતું મહામંડળનાં હાલના આર્થિક સંજોગોનો વિચાર કરતાં મુંબઈ જેવા શહેરમાં મહામંડળનું પોતાનું આગવું કાર્યાલય પરવડી શકે એમ નથી. તેથી જે તે સમયનાં મુખ, ઉપ મુખ કે સેક્રેટરીના અથવા અન્ય કોઈ જ્ઞાતિજનોના પોતાના ઘર કે વ્યવસાયની જગ્યાના સરનામાનો ઉપયોગ મહામંડળના કાર્યાલય માટે થઈ શકશે.

કલમ નંબર–૫ મહામંડળની કાયદેસરની ભાષા :
મહામંડળની કાયદેસરની ભાષા ગુજરાતી રહેશે. તમામ પત્રવ્યવહાર નોટિસ–હિસાબો–લેખો માતૃભાષામાં કરવાનાં રહેશે. પરંતુ સરકારી કે અર્ધ–સરકારી, ચેરિટી કમિશનર કે ઈન્કમટેક્ષ કાર્યાલયમાં જરૂર પડે અંગ્રે કે અન્ય જરૂરી ભાષામાં ભાષાંતર કરી શકાશે.

કલમ નંબર–૬ મહામંડળનું નાણાંકિય વર્ષ :
મહામંડળનું નાણાંકિય વર્ષ એલિથી માર્ચનું ગણાશે. પરંતુ જરૂર પડે સભ્યોની સામાન્ય સભામાં બહુમતિથી નાણાંકિય વર્ષમાં ફેરફાર કરી શકાશે. મહામંડળનું હાલનું નાણાંકિય વર્ષ સંવત ૨૦૪૪નાં વૈશાખ સુદ ત્રીજ અક્ષય તૃતિયા–અખાત્રીજ તા. ૧૯ માહે એલિ ૧૯૮૮ થી શરૂ થઈ તા. ૩૧મી માર્ચ ૧૯૮૯નાં રોજ પુરૂં થશે અને ત્યાર બાદ દર વરસે ૩૧મી માર્ચનાં રોજ વર્ષ પુરૂ થયેલું ગણાશે.

કલમ નંબર–૭ મહામંડળનું સભ્યપદ :
શ્રી ગુજરાતી કંસારા મહામંડળનું સભ્યપદ નીચેની શરતોને આધિન રહેશે.

(૧) ગોહિલવાડ વિભાગ તથા ઝાલાવાડ વિભાગનાં તમામ કુટુંબો કે જે મહામંડળની હદ તથા વિસ્તારમાં કાયમી વસવાટ કરતાં હોય.

(૨) સોરઠ વિભાગ તેમજ પાંચગામ જેવાં કે વેરાવળ, માંગરોળ, પોરબંદર, જુનાગઢ, કુતિયાણા વિભાગનાં તમામ કુટુંબો કે જે મહામંડળની હદ તથા વિસ્તારમાં કાયમી વસવાટ કરતાં હોય, પરંતુ

(૩) અમદાવાદી કંસારા, સુરતી કંસારા, મારુ કંસારા કે અન્ય કંસારા કે જેની સાથે આપણી જ્ઞાતિનાં સભ્યો ણાલિકાગત વહેવારથી જોડાયેલા નથી તેમજ તેમની સાથે ણાલિકાગત વ્યવહાર બાંધવામાં આવેલ નથી તેવાં કુટુંબોને કે વ્યકિતઓને મહામંડળનું સભ્યપદ મળી શકશે નહિ.

(૪) કંસારા જ્ઞાતિની દિકરી જ્યારે હિંદુ – ઈતર જ્ઞાતિમાં લગ્નગ્રથીથી જોડાઈ, પોતાના સાસરે જાય ત્યારે આવી જ્ઞાતિ પરિવર્તન થયેલી સ્ત્રી – દિકરી – પોતાના અંગત કુટુંબ માટે (પતિ, પોતે અને અપરિણિત બાળકો સાથે) કલમ નંબર ૮ માં જણાવેલ શરતોને આધિન હંગામી સભ્યપદ મેળવી શકશે. પરંતુ પોતે હંગામી સભ્યપદ ન મેળવે તો પણ આવી જ્ઞાતિ પરિવર્તન થયેલી સ્ત્રી – દિકરી ને તેનાં પતિ અને અપરણિત બાળકો સાથે જ્ઞાતિનાં જમણવાર કે સંમેલનમાં હાજરી આપવા મહામંડળ આમંત્રણ આપી શકશે.

(૫) મહામંડળનું સભ્યપદ સ્વીકારનાર કુટુંબ તથા તેનાં સભ્યોને મહામંડળનું બંધારણ તેમ જ ધારાધોરણ અને નિયમો બંધનકર્તા રહેશે.

કલમ નંબર–૮ મહામંડળનું સભ્યપદ : કાર

કલમ નંબર ત્રણમાં જણાવેલ મહામંડળની હદ અને વિસ્તારમાં રહેતા તમામ ગુજરાતી કંસારા જ્ઞાતિજન, કલમનંબર સાતમાં જણાવેલ શરતોને આધિન શ્રી ગુજરાતી કંસારા મહામંડળના સભ્ય થવાને હક્કદાર રહેશે. સભ્યપદ નીચે મુજબ ચાર કારના રહેશે.

૮(૧) કાયમી સભ્યપદ : ચુલાદીઠ એક કુટુંબ – એક સભ્યપદ :

જે વ્યકિત કે કુટુંબ મહામંડળની હદ અને વિસ્તારમાં પોતાનું રહેણાકનું સ્વતંત્ર ઘર ધરાવતા હોય, કાયમી ધોરણે પોતાનો રોજિંદો ધંધો–વ્યવસાય અને પોતાનું કૌટુંબિક રસોડું ચલાવતા હોય, તેવી વ્યકિત કે કુટુંબને ચુલાદીઠ એક કુટુંબ એક સભ્યપદના ધોરણે કાયમી સભ્યપદ મળી શકશે, પરંતુ;

૮(૧)(અ) આવું સભ્યપદ મેળવવા માટે જનરલ સભા વખતોવખત નક્કી કરે તે માણે મહામંડળના કાયમી ભંડોળમાં પોતાનો ફાળો આપવાનો રહેશે તેમજ

૮(૧)(બ) જનરલ સભા વખતો વખત નક્કી કરે તે રકમ વાર્ષિક લવાજમ પેટે આપવાની રહેશે. તેમજ

૮(૧)(ક) બંધારણની કલમ નંબર ૨ માં દર્શાવેલ મહામંડળના તમામ ધ્યેયોનો લાભ કાયમી સભ્ય પદ ધરાવતાં સભ્ય કુટુંબની દરેક વ્યકિતને માટે સમાન ધોરણે ગણવાનો રહેશે. આવું સભ્યપદ ધરાવતાં કુટુંબમાં ૧૮ વર્ષ પુરાં કર્યા હોય તેવી દરેક વ્યકિત – સ્ત્રી – પુરૂષને સ્વતંત્ર વ્યકિતગત મતાધિકાર રહેશે. પરંતુ લ્હાણાંની વહેંચણી વ્યકિતગત ધોરણે ન કરતાં ચુલાદીઠ એક કુટુંબ એક સભ્યપદના ધોરણે કરવામાં આવશે. આ કારના લ્હાણાંની વહેંચણી મહામંડળ પોતાના કાર્યક્ષેત્રની નીચે અથવા મહામંડળની સંલગ્ન સંસ્થા શ્રી ગુજરાતી કંસારા મહિલા ગતિ મંડળ, મુંબઈના કાયક્ષેત્રમાં કરી શકશે. પરંતુ સ્મૃતિચિન્હ (મોમેન્ટો)અર્પણ કરવામાં આ નિયમ લાગુ પાડી શકાશે નહિ

૮(૨) હંગામી સભ્યપદ :

જે વ્યકિત કે કુટુંબ મહામંડળની હદ અને વિસ્તારમાં પોતાનું રહેણાંક હંગામી ધોરણે, કોઈની સાથે, કોઈનાં ઘરમાં કે રૂમમાં, પેઈંગ ગેસ્ટ કે મહેમાન તરીકે, એક જ રૂમમાં એકથી વધુ વ્યકિતઓની સાથે, ધર્મશાળા કે સેનેટોરિયમમાં, કોઈની ઓફિસમાં કે દુકાનમાં, કે અન્ય આશ્રય સ્થાનમાં રહેવાની સગવડ ધરાવતાં હોય, નોકરી – ધંધાર્થે વસવાટ કરતાં હોય, અભ્યાસ અર્થે કોલેજ, હોસ્ટેલ, હોટલ કે અન્ય કારે આશ્રય મેળવી વસવાટ કરતાં હોય, તેમજ કાયમી ધોરણે પોતાનું સ્વતંત્ર ઘર વસાવી શકયા ન હોય તેવી વ્યકિત કે કુટુંબ જો

૮(૨)(બ) પરંતુ આવું સભ્યપદ મેળવનાર વ્યકિત કે કુટુંબ જો તેઓ લ્હાણા માટે હક્કદાર થવા ઈચ્છતા હોય તો કાર્યવાહક સમિતિ વખતો વખત નક્કી કરે તે રકમ વાર્ષિક લવાજમ પેટે આપવાની રહેશે.

૮(૨)(અ) મહામંડળની હદ અને વિસ્તારમાં ઓછામાં ઓછા એક વર્ષથી રહેતાં હોય તો, તેવી વ્યકિત કે કુટુંબ હંગામી ધોરણે મહામંડળનું સભ્યપદ મેળવી શકશે.

૮(૨)(બ) પરંતુ આવું સભ્યપદ મેળવનાર વ્યકિત કે કુટુંબ જો તેઓ લ્હાણાં માટે હક્કદાર

થવા ઈચ્છતા હોય તો કાર્યવાહક સમિતિ વખતો વખત નક્કી કરે તે રકમ વાર્ષિક લવાજમ પેટે આપવાની રહેશે.

૮(૨)(ક) હંગામી સભ્યપદ ધરાવતી વ્યકિત કે કુટુંબના સભ્યોને મતાધિકાર રહેશે નહિ પરંતુ કલમ નંબર ૨ માં દર્શાવેલ સંસ્થાનાં તમામ ધ્યેયોનો લાભ આવા સભ્ય કુટુંબની દરેક વ્યકિતને સમાન ધોરણે આપવાનો રહેશે.

૮(૩) જ્ઞાતિપરિવર્તન થયેલ દિકરીને હંગામી સભ્યપદ :

૮(૩)(અ) બંધારણની કલમ નંબર ૩ તેમજ ૭ ને આધિન કલમ નંબર ૮(૧) અને ૮(૨) માણે નોંધાયેલ કાયમી સભ્ય કે હંગામી સભ્યની દિકરી, જ્યારે હિંદુ ઈતર જ્ઞાતિમાં પરણી જ્ઞાતિ પરિવર્તન કરે અને મહામંડળની હદ અને વિસ્તારમાં કાયમી વસવાટ કરતી હોય, અથવા

૮(૩)(બ) પોતાના માતા–પિતા કે પિયર પક્ષે કોઈ મહામંડળના કાયમી સભ્યપદ કે હંગામી સભ્યપદ ધરાવતાં ન હોય, પરંતુ બંધારણની કલમ નંબર ૭(૧) અને (૭)૨ માં જણાવેલ, ગુજરાતી કંસારા જ્ઞાતિની કોઈપણ દિકરી, બંધારણની કલમ નંબર ૩ માં જણાવેલ હદ અને વિસ્તારમાં વસવાટ કરતી હોય તેમજ પોતાનું હિંદુત્વ જાળવી રાખ્યું હોય, તેવી જ્ઞાતિપરિવર્તન થયેલ દિકરી પોતાનાં અંગત કુટુંબ માટે (પતિ, પોતે અને અપરણિત બાળકો સાથે) હંગામી સભ્યપદ મેળવા અર કરી શકશે. દરેક અર નાં ગુણદોષનો વિચાર કરી મહામંડળની કાર્યવાહક સમિતિને યોગ્ય લાગે તો અરજદારને હંગામી સભ્યપદ બે વર્ષ માટે આપી શકશે. બે વર્ષની મુદતને વખતોવખત લંબાવવાની સત્તા મહામંડળની કાર્યવાહક સમિતિને રહેશે. પરંતુ આવું સભ્યપદ મેળવનારે જો તેઓ લ્હાણાંના હક્કદાર થવા ઈચ્છતા હોય તો, મહામંડળની કાર્યવાહક સમિતિ વખતો વખત નક્કી કરે તે લવાજમ આપવાનું રહેશે, પરંતુ મહામંડળના કાયમી ભંડોળમાં પોતાનો ફાળો આપવાનું સ્વૈચ્છિક રહેશે. તેમજ આવું સભ્યપદ ધરાવતી દિકરી તેના પતિ કે તેના બાળકોને મતાધિકાર રહેશે નહિં.

ઉપરોકત વિધિ માણે હંગામી સભ્યપદ ધરાવતી જ્ઞાતિ પરિવર્તન થયેલ દિકરીને કે તેનાં અંગત કુટુંબીજનોને (પતિ તેમજ બાળકોને) કલમ નંબર ૨ માં દર્શાવેલ મહામંડળના તમામ ધ્યેયોનો લાભ આપવો કે નહિ તે, જે તે સમયની કાર્યવાહક સમિતિ તમામ પરિસ્થિતિનાં ગુણદોષોનો વિચાર કરીને બહુમતિથી નિર્ણય કરી શકશે.

૮(૪) માનદ સભ્યપદ :

શ્રી ગુજરાતી કંસારા, મારૂ કંસારા, અમદાવાદી કંસારા, કચ્છી કંસારા કે બૃહદ કંસારા જ્ઞાતિની અસાધારણ વ્યકિતત્વ ધરાવતી વ્યકિત, સમાજસુધારક, ેફેસર, શિક્ષક, સંગીત નૃત્યકળામાં વીણ તેમજ આગવી તિભા ધરાવનાર વ્યકિત, પોતાનાં ધંધા–વ્યવસાયમાં સારી નામનાં મેળવનાર વ્યકિત, રાજદ્વારી ક્ષેત્રે સુંદર કામગીરી બજાવનાર વ્યકિત, પત્રકારત્વમાં નામનાં મેળવનાર વ્યકિત, આપણા સ્નેહ સંમેલન અને સમારંભોમાં મુખ્ય અતિથિ, અતિથિ વિશેષ બનનાર વ્યકિત કે વ્યકિતઓ સ્કૂલ–કોલેજના તેજસ્વી વિદ્યાર્થી કે વિદ્યાર્થીની, અન્ય મહામંડળ નાં તિભાશાળી કાર્યકરોને, પરદેશમાં વસતા આપણાં જ્ઞાતિબંધુઓને તેમજ મહામંડળના ધ્યેયોને અનુરૂપ જ્ઞાતિસેવાના કામમાં કાર્યરત બૃહદ કંસારા સમાજના જ્ઞાતિમંડળ, યુવામંડળ કે મહિલામંડળને સંસ્થારૂપે મહામંડળની કાર્યવાહક સમિતિ જે ધારાધોરણ નક્કી કરે તે માણે ''માનદ સભ્યપદ એનાયત કરી શકશે. પરંતુ આવું સભ્યપદ ધરાવનાર મહાનુભાવોને કે સંસ્થાઓને મતાધિકાર રહેશે નહિ તેમજ માનદ સભ્યપદ ધરાવવા માત્રથી અન્ય લાભો માટેનાં હક્કદાર બની શકશે નહિ. આવું માનદ સભ્યપદ ધરાવનાર વ્યકિત મહામંડળ માટે હંમેશા આદરણીય – સન્માનીય વ્યકિત રહેશે.

**કલમ નંબર–૯ સામાજિક સુધારણા અંગે સંગઠન અને જોડાણ :**

સામાજિક, આર્થિક કે સાંસ્કૃતિક અથવા દેશમાં પરિવર્તન પામતા સુધારાવાદી પરિબળોને લક્ષમાં લેતા, જ્યારે અન્ય કંસારા જ્ઞાતિ કે પેટા જ્ઞાતિ, જેવા કે અમદાવાદી કંસારા, સુરતી કંસારા, મારુ કંસારા કે અન્ય કંસારા જ્ઞાતિ કે જૂથ કે જેની સાથે આપણા મહામંડળના સભ્યોનો કે મહામંડળનો જ્ઞાતિ જમણવારનો કે સામાજિક રીત રિવાજો–સમારંભોનો વ્યવહાર નથી, તેવી જ્ઞાતિઓ કે જૂથ સાથે એકીકરણનો કે મિલનનો શ્ન ઉપસ્થિત થાય કે જેમાં આ મહામંડળનું વિસર્જન કરવાનો કે તેની હસ્તી મિટાવી દેવાના શ્નો સર્જાય, તેવા સંજોગોમાં મહામંડળનું અસ્તિત્વ કે હસ્તી મિટાવી શકાશે નહિ પરંતુ જે તે સમયના કુલ સભ્ય સંખ્યાના પંચોતેર ટકા સભ્યો સામાન્ય સભામાં હાજર રહી લેખિત ઠરાવ પસાર કરીને ઉપરોક્ત જ્ઞાતિઓ સાથે એકીકરણ કે જોડાણને અનુમોદન આપશે તો પોતાનું સ્વતંત્ર, આગવું કે અલાયદું અસ્તિત્વ ટકાવી રાખીને કે કાયમ રાખીને આખી સંસ્થારૂપે ફકત એક સભ્યના ધોરણે અને સહકાર સાધવાના આશયથી જોડાણ કરી શકશે. સંમેલનમાં ભાગ લઈ શકશે તેમજ બી સંસ્થાઓ સાથે સંયુક્ત રીતે વિચારોની આપ–લે કરી સંસ્થાથી સંસ્થાના સહકારનાં ધોરણે કામ કરી શકશે. પરંતુ મહામંડળની માલમિલકત, અસ્કયાતો, ભંડોળ વગેરેનું એકીકરણ કરી શકાશે નહી.

**કલમ નંબર–૧૦ મહામંડળનું ભંડોળ**

**૧૦(૧) કાયમી અનામત ભંડોળ : (કોરપસ ફંડ)**

મહામંડળ એક કાયમી અનામત ભંડોળની રચના કરી શકશે. આવું ભંડોળ જ્ઞાતિનાં સભ્યો પાસેથી દાનરૂપે, ફાળારૂપે કે સાંસ્કૃતિક ોગ્રામ યો ને કે નાટય–ફિલ્મ ોગ્રામ યો ને એકઠું કરી શકશે. આ કાયમી અનામત ભંડોળમાં એક વખત જમા થયેલ રકમને કોઈ પણ સંજોગોમાં વાપરી શકાશે નહિ. ફકત આ ભંડોળ ઉપર જમા થયેલ વ્યાજની રકમ જ વાપરી શકાશે.

**૧૦(૨) અન્ય ખાસ ભંડોળ : (સ્પેસિફિક રિઝર્વ ફંડ) :**

કલમ નંબર બે માં જણાવેલ આર્થિક, સામાજિક, શૈક્ષણિક કે સાંસ્કૃતિક ધ્યેયોને અમલમાં મૂકવા માટે મહામંડળ શૈક્ષણિક, સાંસ્કૃતિક તેમજ મેડિકલ એન્ડ રિહેબિલીટેશન ફાઉન્ડેશન અને આરોગ્યધામ વગેરે સેવામય પવૃતિઓને આવરી લેવા માટે ‘‘અન્ય ખાસ ભંડોળ ની રચના કરી શકશે. આવા ભંડોળ માટે સભ્યો પાસેથી રકમ દાન–ફાળા રૂપે ઉઘરાવી શકાશે તેમજ સાંસ્કૃતિક નાટય, ફિલ્મ વગેરે કાર્યક્રમોનું આયોજન કરી ભંડોળ એકઠું કરી શકશે. આવા ભંડોળની રકમ ઉપરનું વ્યાજ માત્ર મહામંડળનાં જે તે ધ્યેયોને પાર પાડવા માટે વાપરી શકાશે. આ કારના અન્ય ખાસ ભંડોળ ઉપર જમા થયેલ વ્યાજની રકમ વાપરવા માટેની યોજના ઘડવાની સત્તા પરમેનન્ટ બોર્ડ ઓફ ટ્રસ્ટીઝને આધિન રહેશે.

**૧૦(૩) સામાન્ય ભંડોળ : (ઓર્ડિનરી વર્કિંગ ફંડ) :**

મહામંડળના રોજ–બરોજના ખર્ચ માટે, અન્ય કાર્યક્રમોના આયોજન ખર્ચને પહોંચી વળવા માટે મહામંડળ લવાજમરૂપે વ્યકિતદીઠ કે ચુલાદીઠ લાગારૂપે, સારાં માઠાં સંગે ભેટરૂપે, રોકડ, કે વસ્તુરૂપે દાન સ્વીકારી શકશે તેમજ સાંસ્કૃતિક અને નાટય યોગ કે ફિલ્મ શોનું આયોજન કરી શકશે. આવા ભંડોળ કે રકમનો ઉપયોગ તેની ઉપરના વ્યાજ સાથે મહામંડળના સામાન્ય ખર્ચને પહોંચી વળવા વાપરી શકાશે.

ઉપરોકત કલમ નંબર ૧૦ તેમજ પેટા કલમ નં. (૧), (૨) તથા (૩) માં જણાવેલ ભંડોળ માટે મહામંડળના સભ્ય સિવાયના ગુજરાતી કંસારા જ્ઞાતિજનો કે જે મહામંડળના સભ્ય ન હોય તેવા મુંબઈ તેમજ બહારગામના આપણા જ્ઞાતિ ભાઈઓ પાસેથી કે અન્ય જ્ઞાતિની વ્યકિતઓ કે ટ્રસ્ટ પાસેથી પણ આપણાં બંધારણની શરતોને આધિન દાન સ્વીકારી શકશે.

**કલમ નંબર–૧૧ ભંડોળનું રોકાણ તથા સંચાલન :**

૧૧(૧) કલમ નંબર ૧૦ માં જણાવેલ (૧) કાયમી અનામત ભંડોળ (૨) અન્ય ખાસ ભંડોળ (૩) સામાન્ય ભંડોળ રૂપે એકઠી કરેલ તમામ રકમ મહામંડળના નામે ભારત સરકારની કે રિઝર્વ

બેંક ઓફ ઈન્ડિયાની માન્યતા પામેલ શિડયુલ્ડ બેંકના કરન્ટ ખાતામાં, બચત ખાતામાં કે ફિકસડ ડિપોઝીટમાં રાખવાના રહેશે અથવા ભારત સરકારના યુ. ટી. આઈ., પોસ્ટ ઓફિસ સેવિંગ ખાતામાં કે અન્ય બચત ખાતામાં રાખવાના રહેશે, અથવા

૧૧(૨) ચેરિટી કમિશનર કે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ કે ભારત સરકારે કે રાજ્ય સરકારે માન્ય કરેલ સંસ્થાઓમાં કે કંપનીઓમાં કે બેન્કમાં સુરક્ષિત રાખવાનાં રહેશે,પરંતુ

૧૧(૩) કોઈપણ સંજોગોમાં મહામંડળના ભંડોળની રકમ ખાનગી પેઢીમાં કે ખાનગી વ્યકિતઓના હાથમાં ખાનગી વ્યકિતઓનાં નામે કોઈ પણ સંસ્થામાં કે બેન્કમાં રાખી શકાશે નહિ. તેમજ જ્યાં ભારત સરકાર કે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાની સુરક્ષાની ગેરંટી ન હોય તેવા કોઈ પણ ખાતામાં રોકાણ થઈ શકશે નહિ. ઉપરોકત શરતોને આધિન રોકાણ કયાં કરવું તે જે તે સમયની પરમેનન્ટ બોર્ડ ઓફ ટ્રસ્ટીઝની કમિટી ઠરાવ પસાર કરીને નિર્ણય કરશે.

૧૧(૪) ઉપરોકત પધ્ધતિ માણે થયેલ તમામ ભંડોળના રોકાણનું સંચાલન મહામંડળની જનરલ સભાએ નિમણૂંક કરેલ કે ચુંટણી પધ્ધતિથી ચુંટાયેલ કાયમી ટ્રસ્ટ મંડળ (બોર્ડ ઓફ પરમેનન્ટ ટ્રસ્ટીઝ) ના ટ્રસ્ટીઓની ઓછામાં ઓછી બે સંયુકત સહીથી કરવાનું રહેશે. પરંતુ મહામંડળના રોજબરોજ ના ખર્ચ માટે કે અન્ય કાર્યક્રમોના આયોજન ખર્ચ માટે મહામંડળનાં બચત ખાતામાં કે કરંટ ખાતામાં ફાળવવામાં આવેલ ખાતાનું સંચાલન જે તે સમયનાં એકિજકયુટીવ ટ્રસ્ટીઝ અથવા મહામંડળનાં હોદ્દેદારો મુખ, ઉપ મુખ, સેક્રેટરી, સહસેક્રેટરી, ખજાનચી, સહખજાનચી મળી ઓછામાં ઓછી ત્રણ સંયુકત સહીથી કરી શકાશે.

કલમ નંબર–૧૨ મહામંડળનું સંચાલન દ્વિસ્તરીય પધ્ધતિ માણે કરવામાં આવશે

૧૨(૧) પરમેનન્ટ બોર્ડ ઓફ ટ્રસ્ટીઝ (કાયમી ટ્રસ્ટી મંડળ) :
મહામંડળની જનરલ સભા કે અસાધારણ જનરલ સભામાં નિયુકત થયેલ કે ચૂંટણી પધ્ધતિ દ્વારા ચૂંટાયેલ પરમેનન્ટ બોર્ડ ઓફ ટ્રસ્ટીઝ (કાયમી ટ્રસ્ટી મંડળ) મહામંડળનાં અન્ય ખાસ ભંડોળ અંતર્ગત કાર્યરત શૈક્ષણિક, સાંસ્કૃતિક, મેડકિલ એન્ડ રિહેબિલીટેશન ફાઉન્ડેશન તેમજ આરોગ્યધામનું સંચાલન કરશે. પરમેનન્ટ બોર્ડ ઓફ ટ્રસ્ટીઝમાં મહામંડળના ભૂતપૂર્વ મુખો તેમજ અન્ય મહાનુભાવો મળી ઓછામાં ઓછા ૭ સભ્યો અને વધુમાં વધુ ૧૧ સભ્યોનો સમાવેશ કરી શકાશે. આ સભ્ય સંખ્યા ઉપરાંત મહામંડળના તેમજ શ્રી ગુજરાતી કંસારા મહિલા ગતિ મંડળના જે તે વર્ષના મુખ, ઉપ મુખ, સેક્રેટરી અને ખજાનચી પોતાના હોદ્દાની રૂઈએ આમંત્રિત સભ્યો ગણાશે. આ આમંત્રિત સભ્યો ચર્ચા વિચારણામાં ભાગ લઈ શકશે પરંતુ તેઓને મતાધિકાર રહેશે નહિ. આ સભ્યસંખ્યા ઉપરાંત મુંબઈ બહારના વધુમાં વધુ ત્રણ મહાનુભાવોને માનદ ટ્રસ્ટી તરીકે કો–ઓપ્ટ કરી શકાશે.

મેને ંગ કમિટિ (કાર્યવાહક સમિતિ) :

૧૨(૨) મહામંડળનું સંચાલન મહામંડળના સભ્યોએ ચૂંટેલા કે નિમેલા તિનિધિઓ, મુખ, ઉપ મુખ, સેક્રેટરી, ખજાનચી સહિતની મેને ંગ કમિટિ (કાર્યવાહક સમિતિ) બોર્ડ ઓફ પરમેનન્ટ ટ્રસ્ટીઝ (કાયમી ટ્રસ્ટીમંડળ) સાથે વિચાર–વિમર્શ કરીને સંભાળશે. આવી કાર્યવાહક સમિતિ ઓછામાં ઓછા અગિયાર અને વધુમાં વધુ એકવીસ સભ્યોની બનેલી રહેશે. ઉપરોકત મર્યાદા કાર્યવાહક સમિતિના સભ્યોની મર્યાદા ઉપરાંત પોતાને જરૂર જણાય તો મુખ વધારાના વધુમાં વધુ ત્રણ સભ્યોને કો–ઓપ્ટ કરી શકશે.

૧૨(૩) મહામંડળના મુખે મહામંડળના સંચાલન અર્થે થતાં ખર્ચ માટે વિદ્યાર્થીઓને આપવાના પુસ્તકો, નોટબુક, સ્કોલરશીપ, ઈનામો, સાંસ્કૃતિક ોગ્રામ અંગેનાં ખર્ચાઓ, સ્નેહસંમેલન, વાર્ષિક જનરલ સભા, અસાધારણ જનરલ સભા અંગેના ખર્ચાઓને લક્ષમાં રાખી તા. ૩૧ જુલાઈ સુધીમાં કાર્યવાહક સમિતિમાં પસાર કરેલું બજેટ બોર્ડ ઓફ પરમેનન્ટ ટ્રસ્ટીઝ સમક્ષ રજૂ કરવાનું રહેશે. સર્વાંગી પરિસ્થિતિનો અભ્યાસ કરી બજેટની રકમમાં વધારો – ઘટાડો કરવાની સતા બોર્ડ ઓફ પરમેનન્ટ ટ્રસ્ટીઝને રહેશે. અને મજકુર બજેટની નક્કી કરેલ રકમની

૩૦ સપ્ટેમ્બર સુધીમાં પરમેનન્ટ બોર્ડ ઓફ ટ્રસ્ટીઓએ કાર્યવાહક સમિતિનાં હોદ્દેદારોને ફાળવણી કરવાની રહેશે.

૧૨(૪) અનિવાર્ય સંજોગોમાં મહામંડળના મુખશ્રીની વિનંતીથી પંદર દિવસની અંદર પરમેનન્ટ બોર્ડ ઓફ ટ્રસ્ટીઝ વધુમાં વધુ રૂા. ૧૦,૦૦૦/– અંકે રૂપિયા દસ હજાર સુધીની રકમ તાત્કાલિક ધોરણે ફાળવી શકશે. ઉપરોકત રકમની મર્યાદામાં વધારો ઘટાડો મહામંડળની જનરલ સભા કે અસાધારણ જનરલ સભા કરી શકશે.

કલમ નંબર–૧૩ મહામંડળના ધારાધોરણ તથા નિયમો :

૧૩(૧) મહામંડળનો વહિવટ કુશળતાપૂર્વક અને કાર્યક્ષમ રીતે ચલાવવા માટે, મહામંડળના ધારાધોરણ અને નિયમો, અલગ રીતે બંધારણની મર્યાદામાં અને હદમાં રહીને ઘડવાનાં રહેશે. આવા ધારાધોરણ અને નિયમોમાં મહામંડળના મુખ, ઉપ મુખ અને કાર્યવાહક સમિતિના સભ્યોની ચૂંટણી પધ્ધતિ, બોર્ડ ઓફ પરમેનન્ટ ટ્રસ્ટીઝની નિમણુંક, ચૂંટણી, ચૂંટણી પધ્ધતિ, અન્ય ખાસ ભંડોળ અંતર્ગત કાર્યરત શૈક્ષણિક, સાંસ્કૃતિક, મેડિકલ એન્ડ રિહેબિલીટેશન ફાઉન્ડેશનના સંચાલન બાબતનાં નિયમો, મુંબઈ બહારના આપણી જ્ઞાતિના અન્ય વ્યકિતઓને લાભ આપવા બાબતની ટકાવારી આરોગ્યધામ અંગેના નિયમો, હિસાબ અને ઓડિટને લગતાં નિયમો, મુખ, ઉપ મુખ અને અન્ય હોદ્દેદારોના હક્ક તેમજ બોર્ડ ઓફ પરમેનન્ટ ટ્રસ્ટીઝનું કાર્યક્ષેત્ર, હક્ક અને ફરજો મહામંડળના ધ્યેયને પાર પાડવા માટે અલગ અલગ યોજનાઓની સમિતિઓનું ઘડતર અને તેનું સંચાલન વગેરેનો સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે.

૧૩(૨) પરંતુ ધારાધોરણ અને નિયમોની કલમની રચના જો બંધારણની ભાવના કે તેના હાર્દને, ધ્યેયને કે બંધારણની અન્ય કલમોને અનુરૂપ નહિ જણાય અથવા બંધારણનાં ઉલ્લંઘન સમાન હશે તો આવી કલમો સદંતર રદબાતલ ગણાશે.

કલમ નંબર–૧૪ લવાદ :

બંધારણની કલમોનું ઘડતર સાદી અને સરળ માતૃભાષામાં કરવામાં આવ્યું છે, છતાં બંધારણની કોઈપણ કલમ ત્યે વાદ, વિવાદ, અર્થઘટન ત્યે ગેરસમજ કે અર્થ–અનર્થના સંજોગો ઉપસ્થિત થાય તો તેના નિરાકરણ માટે

૧૪(૧) સભ્યોની સામાન્ય કે અસાધારણ સામાન્ય સભામાં ઠરાવ પસાર કરીને, શ્રી ગુજરાતી કંસારા મહામંડળ, મુંબઈના ભૂતપૂર્વ મુખો, તેમજ આપણી મુંબઈની જ્ઞાતિના અગ્રગણ્ય મહાનુભાવોનો સમાવેશ કરી ૭ વ્યકિતઓની બનેલી લવાદ સમિતિને સોપવાનો રહેશે. આ  કારે નિયુકત થયેલ લવાદ સમિતિએ ૬૦ દિવસમાં (સાંઠ દિવસમાં) પોતાનો એવોર્ડ આપવાનો રહેશે. જો લવાદ સમિતિ સર્વસંમતિથી એવોર્ડ ન આપી શકે તો, બહુમતી ધોરણે એવોર્ડ આપવાનો રહેશે. જે વાદી, તિવાદી તેમજ મહામંડળને બંધનકર્તા રહેશે. પરંતુ આ  માણે નિયુકત થયેલ લવાદ સમિતિ જો ઉપરની સમય મર્યાદામાં અથવા વધારી આપેલ સમય મર્યાદામાં નિષ્ફળ જાય, તો આ  કારે કલમ નં. ૧૪(૧) માં નિયુકત થયેલ લવાદ સમિતિ આપોઆપ રદબાતલ ગણાશે. આ  માણે રદબાતલ થયેલ લવાદ સમિતિની જગ્યાએ કલમ નં. ૧૪(૧) માં જણાવ્યા  માણે નવી લવાદ સમિતિ નિમી શકાશે.

૧૪(૨) કલમ નં. ૧૪(૧) માં જણાવેલ લવાદ સમિતિમાં સમાવિષ્ટ કરાયેલા ભૂતપૂર્વ મુખોમાંથી કોઈ એક કે તેથી વધુ મુખો મહામંડળના બોર્ડ ઓફ પરમેનન્ટ ટ્રસ્ટીઝ કે મહામંડળની મેને ંગ કમિટીમાં કોઈપણ  કારનો હોદ્દો ભોગવતા હશે તો તે બાધ્યકર્તા ગણાશે નહી.

૧૪(૩) પેટાકલમ નં. ૧૪(૧) માં દર્શાવેલ સમય મર્યાદાને વધુમાં વધુ ૬૦ દિવસ (સાંઠ દિવસ) વધારવાની સત્તા મેને ંગ કમિટીને રહેશે.

૧૪(૪) કલમ નં. ૧૪ ને આર્બીટ્રેશન એકટ ૧૯૪૦ તેના સુધારા–વધારા સાથે લાગુ પડશે.

**કલમ નંબર–૧૫ મહામંડળનું સ્થાળાંતર અથવા વિસર્જન :**

કોઈ પણ સંસ્થાનું સર્જન તેના વિસર્જન માટે થતું નથી પરંતુ દેશકાળે એવી પરિસ્થિતિનું નિર્માણ થાય કે જેથી કરીને :

૧૫(૧) મહામંડળ ચલાવવાનું કાયદેસર રીતે શકય ન બને.

૧૫(૨) મહામંડળ ચલાવવામાં સભ્યોના હિત કરતાં જોખમ વધારે હોય.

૧૫(૩) મહામંડળના કુલ સભ્ય સંખ્યાના ઓછામાં ઓછાં પંચોતેર ટકા સભ્યો કલમ નંબર ૩ માં દર્શાવેલ સંસ્થાની હદ અને વિસ્તારમાંથી સ્થળાંતર કરી જતાં હોય અને મહામંડળનું અસ્તિત્વ જોખમાતુ હોય ત્યારે

૧૫(૪) જે તે સમયના કુલ સભ્યોના ઓછામાં ઓછાં પંચાસી ટકા સભ્યોની હાજરીવાળી અસાધારણ સામાન્ય સભામાં નેવું ટકાની બહુમતિ ધોરણે મહામંડળના અસ્તિત્વ બાબતનો યોગ્ય નિર્ણય કરી શકશે પરંતુ

૧૫(૫) કોઈપણ સંજોગવશાત્ શ્રી ગુજરાતી કંસારા મહામંડળ, મુંબઈ ટ્રસ્ટના વિસર્જનનો શ્ન ઉપસ્થિત થાય ત્યારે મહામંડળનું ભંડોળ, મહામંડળના જેવા જ ધ્યેયો તથા વૃતિઓ ધરાવતા શ્રી ગુજરાતી કંસારા જ્ઞાતિના અન્ય ટ્રસ્ટોને સુપરત કરવાનું રહેશે.

# શ્રી ગુજરાતી કંસારા મહામંડળ – મુંબઈ

## ધારાધોરણ તથા નિયમો

### અનુક્રમણિકા


| કલમ નંબર | વિષય | પાનાં નંબર |
|---|---|---|
| ૧ | નામ | |
| ૨ | ધારાધોરણ તથા નિયમોનું ઘડતર | |
| ૩ | મહામંડળના બંધારણમાં ફેરફાર | |
| ૪ | મહામંડળના નામમાં ફેરફાર | |
| ૫ | મહામંડળના ધ્યેયોને અમલમાં મુકવા માટેની યોજના (સ્કીમ ઓફ ઈમ્પ્લીમેન્ટેશન) | |
| ૬ | સામાન્ય સભા અથવા જનરલ સભા | |
| ૧. | વાર્ષિક સામાન્ય સભા | |
| ૨. | અસાધારણ સામાન્ય સભા | |
| ૭ | નોટિસ – સભા યોજવાની ખબર | |
| ૮ | સભાનું સ્થળ | |
| ૯ | મહામંડળની સંચાલન પધ્ધતિ | |
| ૧૦ | બોર્ડ ઓફ પરમેનન્ટ ટ્રસ્ટીઝ (કાયમી ટ્રસ્ટી મંડળ) | |
| ૧૧ | મિનિટસ બુક – સભા સંચાલનની નોંધપોથી | |
| ૧૨ | વિવિધ સમિતિઓનું આયોજન | |
| ૧૩ | વાર્ષિક લવાજમ | |
| ૧૪ | નામાધિકરણ – દાનની રકમ સાથે દાતાનું નામ | |
| ૧૫ | શૈક્ષણિક સહાય | |
| ૧૬ | હિસાબોને લગતી જોગવાઈ | |
| ૧૭ | બેંક ખાતઓનું સંચાલન | |
| ૧૮ | મહામંડળના હોદ્દેદારો થવા માટેની લાયકાત | |
| ૧૯ | મહામંડળના હોદ્દેદારોના હક્ક અને ફરજો | |
| ૨૦ | મહામંડળના હોદ્દેદારોની નિમણુંક તથા ચૂંટણી | |
| ૨૧ | સભાઓનું કોરમ | |
| ૨૨ | શૂન્ય સિલક પધ્ધતિ | |
| ૨૩ | હોદ્દેદારોની બરતરફી | |
| ૨૪ | હોદ્દેદારોનું રા નામું | |
| ૨૫ | ધારાધોરણ તથા નિયમોમાં ફેરફાર અને ઉમેરો | |

# શ્રી ગુજરાતી કંસારા મહામંડળ – મુંબઈ

## ધારાધોરણ તથા નિયમો

કલમ નંબર–૧ **નામ :**

મહામંડળનાં સંચાલન નિમિતે ઘડાયેલા આ નિયમો ''શ્રી ગુજરાતી કંસારા મહામંડળ, મુંબઈ – ધારાધોરણ તથા નિયમો આ નામથી ઓળખાશે.

કલમ નંબર–૨ **ધારાધોરણ તથા નિયમોનું ઘડતર :**

શ્રી ગુજરાતી કંસારા મહામંડળના બંધારણમાં નિર્દેશ થયેલાં ધ્યેયોને અનુલક્ષીને તથા બંધારણની અન્ય કલમોની મર્યાદામાં રહીને જ કોઈપણ કારનાં ધારાધોરણો તથા નિયમો ઘડવાનાં રહેશે. તેમજ બંધારણનાં ઉલ્લંઘન સમાન કોઈપણ ધારાધોરણ કે તેનાં નિયમો રદબાતલ ગણાશે. જે ઉદ્દેશથી બંધારણ ઘડવામાં આવ્યું છે તેવા જ ઉદ્દેશથી તેને લગતાં ધારાધોરણ તથા નિયમોનું ઘડતર કરવાનું રહેશે.

કલમ નંબર–૩ **મહામંડળનાં બંધારણમાં ફેરફાર :**

મહામંડળના મૂળભૂત બંધારણના ધ્યેયોની કલમોમાં ફેરફાર કરી શકાશે નહિ પરંતુ મૂળભૂત બંધારણના ધ્યેયોને અસરકારક રીતે અમલમાં મૂકવા માટેની સ્કીમ ઓફ ઈમ્પ્લીમેન્ટેશન દ્વારા રચાયેલ સ્કીમ–બંધારણ તથા ધારાધોરણની કલમો તથા નિયમોમાં ફેરફાર કરવા માટે જે તે કલમોમાં ફેરફાર અંગેનું માર્ગદર્શન હશે તે માણે બંધારણની કલમોમાં ફેરફાર કરવાનો રહેશે. બંધારણની જે કલમોમાં ફેરફાર અંગે માર્ગદર્શન આપેલું ન હોય તેવી કલમોમાં ફેરફાર કરવા માટે કુલ સભ્ય સંખ્યાનાં ઓછામાં ઓછા ૭૫ ટકા હાજરી હોય તેવી સામાન્ય સભા કે અસાધારણ સામાન્ય સભામાં ૨/૩ બહુમતીથી બંધારણની કલમોમાં ફેરફાર કરી શકાશે.

કલમ નંબર–૪ **મહામંડળનાં નામમાં ફેરફાર :**

મહામંડળનાં બંધારણની કલમ એકમાં દર્શાવેલ મહામંડળનાં નામ બાબત ફેરફાર કરવા માટે કુલ સભ્ય સંખ્યાનાં ૭૫ ટકા સભ્યોની લેખિત મંજૂરીથી બોલાવવામાં આવેલી સામાન્ય સભામાં ઓછામાં ઓછાં ૭૫ ટકા સભ્યોએ હાજરી આપવી જરૂરી રહેશે જેમાં તમામ ૭૫ ટકા સભ્યોએ મંજૂરી આપવાની રહેશે. આથી ઓછા કોરમમાં કે અન્ય કલમનો નિયમ આ ફેરફાર માટે લાગુ પાડી શકાશે નહિ.

કલમ નંબર–૫ **મહામંડળના ધ્યેયોને અમલમાં મુકવા માટેની યોજના (સ્કીમ ઓફ ઈમ્પ્લીમેન્ટેશન) :**

મહામંડળનાં બંધારણની કલમ નંબર ૨માં જણાવેલ સંસ્થાનાં કોઈ પણ ધ્યેયને કમી કે રદબાતલ કરી શકાશે નહિ. પરંતુ સભ્યોનાં વિશાળ હિતમાં, હવે પછી જણાવાયેલ નિયમો અનુસાર બોલાવેલ સામાન્ય સભાની કે અસાધારણ સામાન્ય સભાની મંજૂરી લઈને મૂળભૂત બંધારણના ધ્યેયોને અસરકારક રીતે અમલમાં મુકવા માટેની યોજના (સ્કીમ ઓફ ઈમ્પ્લીમેન્ટેશન) નું બંધારણ અને ધારાધોરણ તથા નિયમો કરી શકાશે.

બંધારણમાં દર્શાવેલ ધ્યેય મહામંડળનો આદર્શ અને ધગશ બતાવે છે, પરંતુ એના અમલીકરણમાં મહામંડળની નાણાકિય શકિત, આર્થિક સંજોગો, મુંબઈ જેવાં સ્થળમાં મળતી સવલતો, અગવડતા વગેરેનો ખ્યાલ દરેક સભ્યોએ, ધ્યેયના અમલીકરણની માંગ રજૂ કરતાં પહેલાં કરવાનો રહેશે. મહામંડળ અને તેનાં હોદ્દેદારોનાં હાથ બંધારણનાં ધ્યેયને અમલમાં મૂકવા મહામંડળની ઉપરોકત મર્યાદાથી બંધાયેલા હોય ત્યારે, અમુક ધ્યેયને અમલમાં મૂકવા મહામંડળ કે હોદ્દેદારો ઉપર બિનજરૂરી ટીકા કે દબાણ કરી શકાશે નહિ.

કલમ નંબર–૬ **સામાન્ય સભા અથવા જનરલ સભા :**

મહામંડળના સભ્યોની સામાન્ય સભા નીચે મુજબ બે કારની રહેશે.

૬(૧) **વાર્ષિક સામાન્ય સભા :**

મહામંડળનાં સભ્યોની વાર્ષિક સામાન્ય સભા વર્ષમાં ઓછામાં ઓછા એક વાર બોલાવવાની રહેશે. ઘણુંખરું આવી વાર્ષિક સભા સવંત વર્ષની દિવાળી પછી મોડામાં મોડી ૯૦ દિવસમાં બોલાવવાની રહેશે. બે વાર્ષિક સામાન્ય સભા વચ્ચેનો સમયગાળો વધુમાં વધુ પંદર મહિનાથી વધવો જોઈએ નહિ. આવી વાર્ષિક સામાન્ય સભા માટેનું ઓછામાં ઓછું સભ્યોનું કોરમ ૫૧ (એકાવન ટકા) જરૂરી બનશે. પરંતુ કોરમના અભાવે મુલત્વી રહેલ આવી સભા તે જ દિવસે કે એ પછીનાં કોઈ પણ સમયે બોલાવી શકાશે અને આ માણે ફરી બોલાવેલ સામાન્ય સભાને કોરમનો બાધ નડશે નહિ, પરંતુ મહામંડળનાં બંધારણની કલમ નંબર ૧, ૨ તથા ૧૫ કોલમોમાં ફેરફાર માટે ઉપરોક્ત જોગવાઈ લાગુ પાડી શકાશે નહિં.

સંવત વર્ષની દિવાળી પછી બોલાવેલ સામાન્ય સભા ઘણુંખરું – જો અસાધારણ સંજોગો ઉપસ્થિત થયાં ન હોય તો – સ્નેહસંમેલન ીતિભોજન સાથેનું રહેશે જેમાં વિદ્યાર્થીઓ તેમજ વિદ્યાર્થીનીઓને ઈનામોની વહેંચણી – પુસ્તકોની વહેંચણી, લ્હાણાની વહેંચણી અને અન્ય સાંસ્કૃતિક ોગ્રામો યો શકાશે. આવી મિટીંગમાં હાજરી આપવી સૌ જ્ઞાતિજનોની નૈતિક ફરજ બની રહેશે.

૬(૨) **અસાધારણ સામાન્ય સભા :**

કલમ નંબર ૬ (૧) માં જણાવેલ વાર્ષિક સામાન્ય સભા ઉપરાંત જો કોઈ કામકાજ કરવા માટે કે જેમા મહામંડળના સભ્યોની મંજૂરી જરૂરી હોય તેમજ આવતી વાર્ષિક સભાના સમય સુધી કામકાજ મુલત્વી રાખી શકાય એમ ન હોય તો તેવા કામકાજો પાર પાડવા માટે કોઈ પણ અનુકૂળ સમયે સામાન્ય સભા બોલાવવી પડે, તેવી સભાને ''અસાધારણ સામાન્ય સભા ગણવામાં આવશે. આવી અસાધારણ સામાન્ય સભા નીચેના સંજોગોમાં બોલાવી શકાશે.

૬(૨)(અ) મહામંડળનાં ઓડિટ થયેલાં હિસાબો જો સમયસર સરકારી, અર્ધસરકારી કે ચેરિટી કમિશ્નરને આપવા બંધનકર્તા હોય તો આવા ઓડિટ થયેલાં હિસાબોને મંજૂર કરવા સંસ્થાનાં હોદ્દેદારો આવી સભા બોલાવી શકશે.

૬(૨)(બ) મહામંડળનાં હોદ્દેદારોને એમ જણાય કે મહામંડળનાં અમુક કામકાજો અગ્રતાનાં ધોરણે સામાન્ય સભાની મંજૂરીને આધિન છે અને આવતી વાર્ષિક સામાન્ય સભા સુધી રાહ જોવી મહામંડળનાં હિતમાં નથી, તો મહામંડળનાં હોદ્દેદારો અસાધારણ સામાન્ય સભા બોલાવી શકશે. આવા કારે બોલાવેલ અસાધારણ સામાન્ય સભાનાં નિયમો અને કોરમ કલમ નં. ૬ (૧) માં જણાવ્યા માણે રહેશે.

૬(૨)(ક) વ્યવસ્થાપક કમિટીના સભાસદ કે જે કોઈ પણ હોદ્દો ધરાવતા હોય કે હોદ્દો ધરાવતા ન હોય, તેમજ મહામંડળના સામાન્ય સભ્ય કે સભ્યોને અમુક બાબતોમાં મહામંડળની કાર્યશૈલી કે સંચાલનમાં, વહીવટમાં અસંતોષ જણાતો હોય તેવા સંજોગોમાં આવા સભ્યો જેઓ મહામંડળનો મતાધિકાર ધરાવતા હોય તેવા ૫૧ ટકા સભ્યોની સહી સાથે, મહામંડળનાં ''બોર્ડ ઓફ પરમેનન્ટ ટ્રસ્ટીઝ ને સંપુર્ણ વિગતો સાથેનું એક આવેદન પત્ર આપી શકશે. મહામંડળનાં બોર્ડ ઓફ પરમેનન્ટ ટ્રસ્ટીઝ, આવું આવેદન પત્ર મળ્યાનાં ૬૦ દિવસમાં, આવા અસંતુષ્ટ સભ્યોની એક મિટિંગ બોલાવી, મહામંડળમાં શાંતિ અને સુમેળ સાધવાનો યાસરૂપે પોતાનો ચુકાદો જાહેર કરશે. પરંતુ બોર્ડના આવા ચુકાદાથી પોતાને સંતોષ થયો ન હોય તો તેવા અસંતુષ્ટ સભ્યો બોર્ડનાં ચુકાદાની તારીખથી વધુમાં વધુ ૩૦ દિવસમાં મહામંડળના હોદ્દેદારોને સંપૂર્ણ વિગતો સાથેનું એક આવેદન પત્ર, મહામંડળની અસાધારણ સભા બોલાવવા માટે સુપરત કરશે. સ્તુત આવેદન પત્રમાં અસાધારણ સભા બોલાવવા માટેના સ્પષ્ટ કારણો, ઠરાવ પસાર કરવા માંગતા હોય તેવા ઠરાવો, તેની વિગત, સમજ વગેરે આપવાનાં રહેશે. આવી વિગતો અને ઠરાવોમાં ફક્ત મહામંડળના વહિવટ અંગેની ક્ષતિઓ કે સભ્ય

કુટુંબોની અન્ય ફરિયાદ બાબતોનો જ સમાવેશ કરી શકાશે. આ રીતે સ્પષ્ટ આવેદનપત્ર મળ્યાંનાં ૯૦ દિવસમાં મહામંડળનાં હોદ્દેદારોએ એક અસાધારણ સભા બોલાવવાની રહેશે. આવી સભાનું કોરમ ઓછામાં ઓછા ૫૧ ટકા હોવું જરૂરી બનશે. કોરમનાં અભાવે મુલત્વી રહેલી આવી સભા તે જ દિવસે કે બીજા ૬૦ દિવસથી લાંબે ન હોય તેટલા દિવસ સુધી મુલત્વી રાખી શકાશે. આવી મુલત્વી રહેલ સભાનું કોરમ હોદ્દેદારો સહિત ઓછામાં ઓછું ૫૧ ટકા હોવું જરૂરી બનશે. આવેદનપત્રમાં આપેલ વિગતો અને ઠરાવો સિવાય અન્ય બાબતો કે વધારાના ઠરાવો, મહામંડળના મુખશ્રીની પરવાનગી સિવાય, હાથ ધરી શકાશે નહિ કે ઠરાવો પસાર કરી શકાશે નહિ.

**કલમ નંબર–૭ નોટિસ – સભા યોજવાની ખબર :**

